# પર્યાવરણના પ્રવર્તક જૈનધર્મની વિચારધારાનું ગહન દર્શન કરાવતો અવસર

## એલએના જૈન ભવનમાં યોજાઇ ગયેલું 'જૈના'નું ૧૨મું દ્વિવાર્ષિક અધિવેશન



લોસ એન્જેલસના જૈન ભવનમાં ચોથી જુલાઈના વીકએન્ડમાં યોજાયેલ 'જૈના'નું ૧૨મું દ્વિવાર્ષિક અધિવેશનમાં (ઉપરની તસવીરમાં)મંચ ઉપર બિરાજમાન જૈન મુનિઓ, મહારાજશ્રીઓ અને વિદ્વાનોમાં ડાબેથી હેમિલ્ટન બ્રુઆર્ટ, ભટ્ટારક શ્રી ચારુકિર્તીજી, પૂ.શ્રી રાકેશભાઇ ઝવેરી, ગુરુદેવ શ્રી ચિત્રભાનુજી, ડૉ. હુકમચંદ ભારીલ, શ્રી અમરેન્દ્ર મુનિ, પંડિત ધીરજલાલ મહેતા, પ્રેસિડન્ટ દિલીપ વી. શાહ, કન્વીનર લતા ચાંપશી, આચાર્યશ્રી ચંદનાજી, સાધ્વી શીલાપીજી, સાધ્વી શુભમજી, સમની વિનયપ્રજ્ઞાજી, સમની અક્ષયપ્રયાગજી અને તરલાબેન દોશી તથા નીચે ડાબેની તસવીરમાં પ્રમુખ વક્તા ડૉ.ગેરી ફ્રાન્સીઓનીનો પરિચય કરાવી રહેલા દિલીપ વી. શાહ, પ્રોગ્રામિંગ કમિટી ચેર અશોક દુમાડિઆ અને (નીચે જમણે) વક્તાઓને ધ્યાનથી સાંભળી રહેલા જૈન શ્રાવક અને શ્રાવિકાઓ. *(ફોટોસૌજન્યઃ દિલીપ વી.શાહ)*





**લોસ એન્જેલસ, કેલિફોર્નિયાઃ** અત્રે જૈન ભવનના વિશાળ પરિસરમાં ચોથી જુલાઇના વીકએન્ડમાં યોજાઇ ગયેલું 'જૈના'નું ૧૨મું દ્વિવાર્ષિક અધિવેશન પર્યાવરણ ના પ્રવર્તકો માટે એક બેમિશાલ અવસર બની રહ્યો. જૈનોની ધાર્મિક અને જીવનલક્ષી વિચારધારા પર વિદ્વાનો ને સાધુસાધ્વીઓના મનનીય વ્યાખ્યાનો સાથે  અધિવેશનનો પ્રધાન સુર 'જૈન સંદર્ભમાં પર્યાવરણ'નો હતો. જૈનોના વિશાળ અને ભવ્ય મંદિરના આધ્યાત્મિક વાતાવરણમાં ભરાયેલા અધિવેશનમાં જૈન સમાજના ૨૫૦૦થી વધુ માનવસમુદાયે હાજરી આપીને તેને નોંધપાત્ર સફળતા બક્ષી હતી.

જૈનો આદિકાળથી પર્યાવરણના પ્રવર્તકો રહ્યા છે. પ્રકૃતિના સર્વે તત્ત્વોની સાચવણી અને સંવર્ધન માટે જૈનોએ પ્રાચીનકાળથી પ્રયત્નશીલતા અને પ્રતિબધ્ધતા જાળવી છે.વિજ્ઞાને કરેલી શોધો પૂર્વે વૃક્ષો-વનરાજિઓ, જળ, ધરતી અને હવામાં પ્રાણતત્ત્વ છે એટલું જ નહિ અગણિત જીવોનું આશ્રયસ્થાન છે. તેથી જૈનોએ કેવળ માનવજાત કે પ્રાણીજગત જ નહિ તમામ જીવો માટે હંમેશા આદર ને અહોભાવ વ્યક્ત કર્યો છે. પ્રકૃતિ અને પર્યાવરણનું (ઇકોલૉજી) જતન પ્રત્યેક જૈનની ધાર્મિક ફરજ અને કર્તવ્ય બની જાય છે. અધિવેશનમાં પ્રવચનો અને પરિસંવાદોની કાર્યવાહી આ સુરને કેન્દ્રમાં રાખીને આધુનિક યુગમાં પ્રકૃતિના તત્ત્વોની સંભાળ, માવજત અને પુનર્વિકાસની જરૂરયિાતોને અનુલક્ષીને કરવામાં આવી હતી.

અધિવેશનમાં સમગ્ર અમેરિકા, કેનેડા, લંડન, દુબઇ અને ભારતથી પણ મોટી સંખ્યામાં જૈનો પધાર્યા હતા. તેમાં યુવાવર્ગની સંખ્યા(હજારથી વધુ) ધ્યાન ખેંચનારી હતી. ૧૧માં કન્વેન્શનની જેમ આ વેળા પણ ભારતથી ઘણાં વિદ્વાનો અને મુનિ મહારાજો પધાર્યા હતા.

અધિવેશનમાં મુખ્ય મુદ્દાઓની રજુઆત અને છણાવટ ત્રણ તત્ત્વવિદ્ વિદ્વાનોએ કરી હતી, જેમાં ન્યુ જર્સીની રટગર્સ યુનિવર્સિટીના કાયદો ને નીતિશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ.ગેરી ફ્રાન્સીઓને તેમની ભાવનાત્મક રજુઆતથી શ્રોતાજનોની આંખો ભીંજવી હતી અને તેમના પ્રવચનને અંતે સૌએ ઊભા થઇને તાળીઓના ગડગડાટ(સ્ટેન્ડીંગ ઓવેશન)થી તેમના વક્તવ્યને વધાવી લીધું હતું. ડૉ. ગેરી અમેરિકામાં પ્રાણીજગતના અધિકારોનું શિક્ષણ આપનાર પ્રથમ પ્રાધ્યાપક છે.તેમણે કિનોટ પ્રવચનમાં જૈન સમાજને અનુરોધ કર્યો કે જુઓ, જાણો, આજના આધુનિક યુગમાં ઉન, લેધર અને ખુદ દૂધનો એક પ્યાલો ઉત્પન્ન કરવા માટે પ્રાણીઓ પર કેટલી હિંસા અને અત્યાચાર થઇ રહ્યો છે.

બીજા પ્રમુખ વક્તા એમરી યુનિવર્સિટીના ડૉ. જગદીશ શેઠે 'પ્રકૃતિના સંવર્ધન' વિશે સમજાવતાં કહ્યું હતું કે આપણે ભોગમર્યાદા આચરીને- અપરિગ્રહ દ્વારા પ્રકૃતિ અને તેની સંપત્તિનો ઉત્કર્ષ સાધવો જોઇએ.સાથે એ બધી વસ્તુઓ ક્યાંથી આવે છે તેની કાળજી લેવી જોઇએ અને સ્થાનિક તાજી વસ્તુઓનો ઉપયોગ કરવાથી વાહનવ્યવહારનું પ્રમાણ નિયંત્રીત કરી શકાશે જેના પરિણામે પર્યાવરણની શુદ્ધતા પણ જળવાશે.

ત્રીજા પ્રમુખ વક્તા કેલૉગ યુનિવર્સિટીના મેનેજમેન્ટ શાખાના અધ્યક્ષ ડૉ.દીપક જૈને રમૂજી ટૂચકા અને અંગત અનુભવો ટાંકી આપણાં દૈનિક વ્યાપારિક જીવનમાં પણ જૈનધર્મનના સિધ્ધાંતોનું પાલન સરળ અને શક્ય છે તે સમજાવ્યું હતું.

અધિવેશનનો શાનદાર પ્રારંભ પ્રથમ દિવસે સવારે શોભાયાત્રા સાથે થયો હતો, જેમાં સાધુમહારાજો, વિદ્વાનો, સ્થાનિક નેતાઓ, યુવાનો અને પ્રોઢ શ્રાવક-શ્રાવિકાઓએ ઉમંગભેર ભાગ લીધો હતો. બાળકોએ નાચતા-કૂદતા જૈનોના ૬૭ સંઘોના ધ્વજ ફરકાવતા કૂચ કરતાં પચરંગી અને આનંદદાયી માહોલમાં સમગ્ર અધિવેશનની શુભ-મંગળ શરૂઆત થઇ હતી.

અધિવેશનના ભાગરૂપે જૈન ડાયસ્પોરાને લગતો મહત્ત્વનો પરિસંવાદ પણ યોજાયો જેમાં 'જૈન જાગૃતિ અભિયાનની ચર્ચા-વિચારણા થઇ. ભારત બહાર ૩૬ દેશોમાં વસતા તમામ જૈનોની વિચારધારાઓ એકત્રિત થાય તે માટે 'જૈના' સક્રિય થઇ રહી છે. અગાઉ ૨૦૦૭ માં ન્યુ જર્સીમાં ભરાયેલ અધિવેશનમાં સદગત ડૉ.એલ. એમ. સિંઘવીએ એ વાત પર ભાર મૂક્યો હતો. આવતા વર્ષે ૨૦૧૦માં લન્ડનમાં જૈન વૈશ્વિક જાગૃત અભિયાનનું આયોજન થઇ રહ્યું છે.

અધિવેશનમાં ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં પણ બીજા ઘણાં વિદ્વાનો અને મહારાજશ્રીઓએ તેમના વક્તવ્યો આપ્યા હતા. પૂ.શ્રી રાકેશભાઇએ આત્મસિદ્ધિ અને વચનામૃત પર તેમનું વ્યાખ્યાન આપ્યું તો સાધ્વી શુભમજીન વિષય હતો સામાજિક સેવા દ્વારા જૈનધર્મ. ભટ્ટારક ચારૂકિર્તીજીએ 'માનવ જીવનનો સાર' વિષય પર સંબોધન કર્યું હતું, તો પંડિત અભય કુમારજી અને પંડિત ધીરુભાઇ મહેતાએ જૈન પરંપરા અને રિવાજો, ગુરુદેવ શ્રી ચિત્રભાનુજીએ બાળઉછેરની જૈનપરંપરા, સ્વામી વિનયપ્રજ્ઞજીએ પર્યાવરણના જૈન પ્રણેતાઓ, સાધ્વી શીલાપીજીએ ક્ષમા, ફાલ્ગુની ઝવેરીએ પુણ્ય-પાપ અને પ્રમોદાબેન ચિત્રભાનુએ મોક્ષનો પથ વિષય પર મનનીય અને માહિતીપૂર્ણ વક્તવ્યો આપ્યા હતા.

અધિવેશનના અન્ય વક્તાઓમાં સર્વશ્રી પ્રેમ જૈન, ચંદ્રકાંત મહેતા, નિપુણ મહેતા, ડૉ.વિલ ટુટલ, ડૉ.ધીરજ શાહ, પ્રેમલ દોશી, પલ્લવી દોસી, પંડિત જયેશ ખોના અને પૉલ હેનામનો પણ સમાવેશ થતો હતો.

યુવાન પેઢી માટે પણ જુદી સભાઓ થઇ હતી. તેમાં સૌમિલ મહેતા, નિપુણ મહેતા, પલ્લવી દોશી, અમી અને આકાશ દોશી, રજની મોદી, સ્નેહા પટેલ વગેરેએ ભાગ લીધો હતો. વિવિધ પાઠશાળાના બાળકો વચ્ચે પણ હરીફાઇ થઇ તેમાં ન્યુ જર્સી કેન્દ્રને ઇનામ મળ્યું.

જૈનાનું સર્વોચ્ચ પારિતોષિક ઉત્તર અમેરિકામાં જૈન સમાજની આજીવન સેવા કરવા માટે હ્યુસ્ટનવાસી શ્રી સુલેખ જૈનને અપાયું. તેઓ જૈનાના ભૂતપૂર્વ પ્રમુખ છે. જૈનાના પ્રમુખ દ્વારા અપાતું 'જગત માટે માનવસેવા' પારિતોષિક હ્યુસ્ટનના શ્રી ઉદય જૈન અને મુંબઇના શ્રી મહેન્દ્ર મહેતાને મળ્યું. ઉપરાંત બીજાં ૧૦ વિવિધ એવોર્ડ અને ૫ યુવા એવોર્ડ પણ અપાયા.

જૈના અધિવેશન એટલે સમગ્ર કુટુંબોનો મેળો. કુટુંબની ત્રણ ત્રણ પેઢીઓ ઉમંગભેર આવે, મળે અને આનંદથી ઉજાણી કરે. દરેક પેઢીને અનુરૂપ કાર્યક્રમોનું આયોજન થાય.ધ્યાનશિબિરો યોજાઇ સાથે ભક્તિસભર પ્રાર્થના પણ સવારે મંદિરમાં થઇ. પ્રૌઢ નાગરિકો અને યુવાવર્ગ માટે જુદી જુદી શિબિરો યોજાઇ.'જૈન-૨૧'ના નેજા હેઠળ લગ્નોત્સુક યુવકયુવતી મિલનો યોજાયા. નાાન બાળકો માટે સેવા શિબિરની પણ વ્યવસ્થા હતી.

દક્ષિણ કેલિફોર્નિયાના જૈન કેન્દ્રે સર્વે આગંતુકો માટે સેવાની ભરપૂર તૈયારી દાખવી. મહિનાઓની મહેનત, આર્થિક આયોજન સહિત નાના-મોટા સૌએ ઉલટભેર સંયોજીત કામ કર્યું. સમગ્ર અધિવેશન ખૂબ જ આનંદદાયી રહ્યું. સવારે સ્વાદિષ્ટ નાસ્તો, રોચક ભોજન, બપોરે ચહા-નાસ્તો અને રાત્રે આઇસ્ક્રીમપાર્ટી સંપૂર્ણ જૈન શાકાહારી ભોજન પ્રબંધ હતો. ભારત કેટરર્સે ઉમંગભેર ભોજન વ્યવસ્થા કરી હતી.

અધિવેશન પૂર્ણાહુતિ પમી જુલાઇએ થઇ તે પહેલાં 'જૈના'ના ૨૮ વર્ષના ઇતિહાસમાં એક અભિૂતપૂર્વ ઘટના થઇ. કેનેડાના મહિલા લતા ચાંપશીની 'જૈના'ના નવા પ્રમુખ તરીકે શપથવિધિ થઇ હતી.

*(હેવાલઃ દિલીપ વિ.શાહ, ભૂતપૂર્વ પ્રમુખ 'જૈના')*

## સિદ્ધહેમ નાટકે હેમચંદ્રસૂરિના સંસ્મરણો તાજાં કરી દર્શકોને ભાવવિભોર કર્યા!

**લોસ એન્જેલસ, કેલિફોર્નિયાઃ** અધિવેશનનું મુખ્ય




આકર્ષણ આચાર્ય હેમચંદ્રની બહુમુખી પ્રતિભાને જીવંત પ્રસંગોના મંચન થકી રસમય બનાવી વિવિધ ભાવની લ્હાણી કરાવતી વિરલ નાટ્યકૃતિ 'સિદ્ધહેમ'ની રજુઆત હતું. ગુર્જર ભાષાને ગૌરવ અપાવતું, ગુજરાત ની સાચી ઓળખ આપતું, જાતને ઓળખવાનું નાટક 'સિદ્ધહેમ' અધિવેશનમાં ઉપસ્થિત પ્રત્યેક જૈન શ્રાવક-શ્રાવિકાઓ માટે જીવનો એક અવિસ્મરણીય અનુભવ બની રહ્યો!

ગુર્જર વાણીને ધન્યતા અર્પણ કરનાર આચાર્ય હેમચંદ્રસૂરિના સંસ્મરણોએ દર્શકોને ભાવવિભોર કર્યા. દિગ્દર્શનની રસાળ શૈલી, પ્રસંગોની વિશિષ્ટ માવજત ને નાટ્યતત્વની નિપજને કારણે દર્શકોને અલૌકિક પ્રદેશોમાં વિહાર કરાવ્યો, જેમાં તત્ત્વજ્ઞાન, દર્શનશાસ્ત્ર, ધર્મ અને રાજવંશી અનુભૂતિનો એહસાસ હતો. રસિક પ્રેક્ષકોએ 'સિદ્ધહેમ'ને મનભરીને માણ્યું. ખરા અર્થમાં તે પ્રેક્ષણીય રહ્યું. ઉત્કૃષ્ટ અભિનય, કર્ણપ્રિય સંગીત, વેશભૂષા અને પ્રકાશ આયોજને નાટકને પ્રાણવાન અને જોમવંતુ બનાવ્યું હતું. નાટકનો સૌપ્રથમ વૈશ્વિક પ્રયોગ આ અધિવેશનમાં થયો હતો.

આચાર્ય હેમચંદ્રાચાર્યના જીવન અને કવન પર આધારિત 'સિદ્ધહેમ' નાટક તેના દિગ્દર્શક મનોજ શાહ અને એની નાટ્યમંડળીને સર્વશ્રેષ્ઠ નાટક રજુ કરનારની શ્રેણીમાં મૂકે છે. બે વર્ષ પૂર્વે ન્યુજર્સીના જૈના અધિવેશનમાં શ્રી મનોજ શાહની મંડળીના, શ્રીમદ રાજચંદ્રના જીવન-કવન પર આધારિત નાટક 'અપૂર્વ અવસરે' દર્શકોને ખૂબ પ્રભાવિત કર્યા હતા. સિદ્ધહેમ નાટકની પણ ખૂબ પ્રસંશા થઇ અને બીજા આઠ શહેરોમાંથી તેમને આ નાટક ભજવવા નિમંત્રણો મળ્યા છે. આ મંડળી ચારથી છ અઠવાડિયામાં આ નાટક ભજવશે.